Shodh Sanchay ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com

Volume - 2

# 'छायाशकुन्तलम्' ઉપર 'उत्तररामचरितम्' અને 'अभिज्ञानशाकुन्तलम्' નો પ્રભાવ

**Dr.Surekha K Patel**
**Department of Sanskrit**
**Associate Professor**
**G.D modi College of Arts,Palanpur**
**Mob.no.9428023071, Email :- surekhaben13@gmail.com**

**Paper abstract :**

અશ્વઘોષ અને ભાસથી આરંભાયેલી નાટ્યની ગંગોત્રી ભાગીરથી બની વીસમી સદીમાં ગંગા સાગરને મળવા જઈ રહેલી ભોગાવતી સમાન મનાય છે. પ્રાચીન નાટ્ય સાહિત્ય, જગન્નાથ પર્યંત સાહિત્ય અને તે પછીનું અર્વાચીન નાટ્યસાહિત્ય સ્વાતંત્ર્યપૂર્વેનું અને સ્વાતંત્ર્યોત્તર એમ વિપુલ નાટ્ય સાહિત્ય રચાયું છે. આધુનિક કવિતા ધીમે ધીમે વૈશ્વિક બની રહી છે. પરંપરા અનુસાર લેખનમાં પણ વૈચારિક, વૈષયિક અને આલંકારિક પરિવર્તન જોવા મળે છે. આધુનિક કવિતામાં વિચાર નાવીન્ય જોવા મળે છે. આજનો કવિ ભાવ-વિશ્વથી અલગ જ જોવા મળે છે. તે સમગ્ર વિશ્વનો પ્રવાસી છે,જે તેના દર્શન અને સર્જનમાં જોવા મળે છે.

સ્વાતંત્ર્યોત્તર કાળમાં નાટકમાં વિષયવસ્તુનું વૈવિધ્ય જોવા મળે છે. સ્વાતંત્ર્યોત્તર કાળના નાટ્યકારોમાં ગુજરાતના કવિ-રત્ન કહી શકાય તેવા આચાર્ય જે. ટી પરીખનું **'छायाशाकुन्तलम्'** એકાંકીનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. આ કૃતિમાં છાયા-સીતાની જેમ છાયા-શકુંતલાને દર્શાવી છે. કાલિદાસના **'अभिज्ञानशाकुन्तलम्'** અને ભવભૂતિના **'उत्तररामचरितम्'** નાટકનો પ્રાયઃ પ્રભાવ જોવા મળે છે. **'छायाशाकुन्तलम्'** ના ઉત્તરાંગ તરીકે ગણાવી શકાય તેવી આ કૃતિ છે. તેમજ આ કૃતિના ઉત્તરાર્ધ પર **'उत्तररामचरितम्'** નો પણ સ્પષ્ટપણે પ્રભાવ જોવા મળે છે. **उ.रा** માં જેમ સીતા,છાયા સ્વરૂપે રહેલી છે તે જ રીતે અહીં, શકુન્તલા છાયા સ્વરૂપે રહેલી છે. એ જ રીતે ઉપરોક્ત બંને નાટકોનાં નાયક-નાયિકા રામ-સીતા, દુષ્યન્ત-શકુન્તલાનાં ત્યાગ, મનઃસમાધાન અને પુનર્મિલનની ઘટનાઓમાં પણ ઘણું સામ્ય જોવા મળે છે. અહીં, આ અભ્યાસ લેખમાં **'छायाशाकुन्तलम्'** નાટકમાં **अभि.** અને **उत्तर.**ના પ્રસંગોની સમાનતાનો ઉલ્લેખ કરવામાં આવશે અને કવિની આ કૃતિ ઉપર ઉપરોક્ત બંને નાટકોના પ્રભાવ વિશે ચર્ચા કરવામાં આવશે.

**Keywords :**

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com

Volume - 2

**छायाशाकुन्तलम्, अभिज्ञानाकुन्तलम्, उत्तररामचरितम्,** દુષ્યંત, શકુન્તલા, સીતા, રામ, કાલિદાસ , ભવભૂતિ ,રાજા, છાયા-સ્વરૂપ ,કવિશ્રી પરીખ

**Paper Title : 'छायाशाकुन्तलम्' ઉપર 'उत्तररामचरितम्' અને 'अभिज्ञानशाकुन्तलम्' નો પ્રભાવ**

અશ્વઘોષ અને ભાસથી આરંભાયેલી નાટ્યની ગંગોત્રી ભાગીરથી બની 20 મી સદીમાં ગંગાસાગરને મળવા જઈ રહેલી ભોગાવતી જેવી ગણાય છે. પ્રાચીન નાટ્ય સાહિત્ય, જગન્નાથ પર્યંત સાહિત્ય, જગન્નાથ પછીનું અર્વાચીન નાટ્ય સાહિત્ય, સ્વાતંત્ર્ય પૂર્વે અને સ્વાતંત્ર્યોત્તર એમ વિપુલ નાટ્ય સાહિત્ય રચાયું છે અને હાલમાં પણ રચાય છે.

આધુનિક અર્વાચીન કવિતા ધીમે ધીમે વૈશ્વિક બની રહી છે. પરંપરાનુસાર લેખનમાં પણ વૈચારિક વૈષયિક અને આલંકારિક પરિવર્તન પ્રાપ્ત થાય છે. આધુનિક સંસ્કૃત કવિ આંતરિક બાબતોને વૈશ્વિક રીતે અનુભવી રહ્યો છે. આજનો કવિ પોતાનું ભાવ-વિશ્વ અલગથી રચે છે, જે અન્ય કવિઓને ભાવ-વિશ્વ થી અલગ જ દેખાય છે. આધુનિક કવિતામાં વિચાર-નાવિન્ય જોવા મળે છે. વર્તમાન સંસ્કૃત કવિઓમાં બદલાવ જોવા મળે છે. આજનો સંસ્કૃત કવિ સમગ્ર વિશ્વનો પ્રવાસી છે,જે તેના દર્શન અને સર્જનમાં પ્રતિબિંબિત થાય છે.

ગુજરાતમાં પણ નાટ્ય સાહિત્યની રચના માટે વિપુલ પ્રયત્નો થયા છે અને થાય છે. દેશી નાટ્ય-મંડળીઓના પ્રયોગો, અર્વાચીન નાટ્ય ઉપર થયેલી વિદેશી અને સ્વાતંત્ર્ય ચળવળની અસરો અને આધુનિક વિજ સાધનો રેડિયો, ટેલિવિઝનમાં આવતા નાટ્ય પ્રયોગો અને રચનામાં આવેલાં પરિવર્તનોમાં ગુજરાતના નાટ્યકારોનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. ગુજરાતની ભૂમિ ઉપર અનેક કલાઓ અને સાહિત્ય પ્રકારો વિકસ્યા છે. કલા અને સાહિત્યનો વારસો આજે પણ અવિરતપણે ચાલુ રહ્યો જ છે. ગુજરાત નાટ્યક્ષેત્રે પણ આગવું સ્થાન ધરાવે છે. કવિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રની સારસ્વત ભૂમિએ ગુજરાતી, હિન્દી, સંસ્કૃત ભાષાના સમર્થ વિદ્વાનો અર્પણ કર્યા છે. પ્રાચીન સમયની જેમ જ સાંપ્રતકાળમાં પણ અસંખ્ય સર્જનો થતાં રહ્યાં છે. આજની રચનાઓને કોઈ ચોક્કસ રૂપક કે ઉપરૂપકમાં ગોઠવી શકાય તેમ નથી. તેમાં સમય અને પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સર્જકોએ અનેક ફેરફારો કર્યા છે. પ્રાચીન પરંપરાને વળગી રહેવાનું વલણ છોડીને નવા સંદર્ભો સર્જાતાં નાટકોમાં સંસ્કૃત ભાષાની સર્વકાલીન ક્ષમતા પ્રગટ થાય છે. ખાસ કરીને

Shodh Sanchay ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com
Volume - 2

સ્વાતંત્ર્યોત્તર કાળમાં નાટકમાં વિષયવસ્તુનું વૈવિધ્ય જોવા મળે છે. સમયના બંધનને કારણે મોટાભાગની રચનાઓ એકાંકી પ્રકારની થઈ ગઈ છે. નાટકોમાં પણ લઘુતા આવવા લાગી. લઘુ નાટકોએ પોતાનું સ્થાન જમાવ્યું- 'ડૉ. વીરબાલા શર્માએ સમયનો અભાવ' શ્રમની બચત' વ્યંજનની તીવ્રતા અને કોઈ એકાદ રસનું પ્રાધાન્ય આ ચારને લઘુસર્જનોનાં કારણરૂપ ગણ્યાં છે.[૧]

સ્વાતંત્ર્યોત્તર કાળમાં આચાર્ય જે. ટી પરીખના 'छायाशाकुन्तलम्' એકાંકીનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. આ કૃતિમાં છાયા-સીતાની જેમ છાયા-શકુન્તલાને દર્શાવી છે. 'अभिज्ञानशाकुन्तलम्' અને 'उत्तररामचरितम्'ની પૂરતી મદદથી આ રચના કરવામાં આવી છે. આ કૃતિની શૈલી પ્રાયઃ કાલિદાસીય રહી છે.

'छायाशाकुन्तलम्'ના રચયિતા પ્રિ.જીવણલાલ ત્રિકમલાલ પરીખનો જન્મ પંચમહાલ જિલ્લાના હાલોલ ગામે તારીખ ૧/૯/૧૯૯૪ ના રોજ થયો હતો. માતા જડાવબેન અને પિતા ત્રિકમલાલ હાલોલના વૈષ્ણવ વણિક કુટુંબનાં સુસભ્ય હતાં. કવિનું બાળપણ હાલોલમાં જ વીત્યું. પ્રાથમિક શિક્ષણ વતનમાં લીધું.માધ્યમિક શિક્ષણ ગોધરાની હાઈસ્કૂલમાં અને ઉચ્ચશિક્ષણ અમદાવાદની ગુજરાત કોલેજમાં મેળવ્યું. ત્યારબાદ તેઓએ ૧૯૩૮ માં સંસ્કૃત-પ્રાકૃત વિષયો સાથે અમદાવાદની ગુજરાત કોલેજમાં જ મુંબઈ યુનિવર્સિટી દ્વારા એમ.એની ઉપાધિ પ્રાપ્ત કરી. વિદ્યાર્થી તરીકે ખૂબ જ તેજસ્વી પ્રતિભા ધરાવનાર કવિશ્રી જે. ટી પરીખે વિદ્યાર્થી કાળમાં જ 'छायाशाकुन्तलम्' કૃતિની રચના કરી હતી, જે પાછળથી ઘણી પ્રશંસા પામી.

અધ્યાપક તરીકેની કારકિર્દીનો આરંભ ગુજરાત કોલેજમાં જ પ્રાકૃતના અધ્યાપક તરીકે થયો. ૧૯૪૧થી તેઓ સુરતની એમ.ટી.બી કોલેજમાં સંસ્કૃતના અધ્યાપક તરીકે જોડાઈને છેક નિવૃત્તિ કાળ સુધી ત્રણેક દાયકા ઉપરાંત એ જ કોલેજ સાથે સંકળાયેલા રહ્યા. અધ્યાપક તરીકેની સેવાઓની સાથે સાથે ઘણી પ્રવૃત્તિઓમાં તેઓ કાર્યરત રહ્યા. ૧૯૬૨ માં તેઓ એમ.ટી.બી કોલેજના આચાર્ય બન્યા. ૧૯૭૧ માં સતત કથડતા આરોગ્યને લીધે આચાર્ય પદેથી વહેલી નિવૃત્તિ લીધી. નિવૃત્તિ પછી પણ શૈક્ષણિક ક્ષેત્રે પ્રવૃત્ત જ હતા. ૧૯૭૨ થી પોતાના વતન હાલોલમાં કોલેજ સ્થાપવાના પ્રયત્નો શરૂ કર્યા. ૧૯૭૪માં આર્ટ્સ-કોમર્સ કોલેજ શરૂ કરી. ૧૮ જાન્યુઆરી ૧૯૮૪ ના દિવસે આચાર્ય જે. ટી પરીખનું દેહાવસાન થયું. અત્યંત મૃદુ સ્વભાવના, સાચા અર્થમાં વૈષ્ણવ, વિદ્યાર્થી પ્રિય, નિષ્ઠાવાન શિક્ષક અને એક શાસ્ત્રજ્ઞ હતા. 'छायाशाकुन्तलम्' ઉપરાંત કેટલાક લેખો પણ કવિએ લખ્યા છે, જેને 'श्रेयोधर्म' નામે પ્રકાશિત કરવામાં આવ્યા છે. 'अभिज्ञानशाकुन्तलम्' અને

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com



અને 'उत्तररामचरितम्' ની કથાવસ્તુથી संस्कृतज्ञो ભાગ્યે જ અજાણ હોઈ શકે. તેથી લેખ વિસ્તારના ભયે આ કૃતિઓના કથાવસ્તુનો ઉલ્લેખ કરવાનું ટાળવાનો આગ્રહ રખાયો છે. કાલિદાસના अभि.અને अभि.અને ભવભૂતિના 'उत्तररामचरितम्'થી પ્રભાવિત થઈને કવિશ્રી જે. ટી પરીખે આ એકાંકી નાટ્યકૃતિની રચના કરી છે. अभि. ની કથાવસ્તુને નવીન આકાર આપવા માટે उत्तर.ના બીજા અને ત્રીજા અંકમાં રહેલી કથાવસ્તુને પોતાના માનસપટ પર રાખી 'छायाशाकुन्तलम्'ની રચના કરી છે. આ બંને કૃતિઓના સમન્વય અને સાર્થ તર્કબુદ્ધિથી રચેલી આ કૃતિ अभि.ના છઠ્ઠા અંકથી આરંભાય છે. આ કૃતિને અંકમાં વિભાજિત ન કરતાં સીધે સીધી રીતે જ રજૂ કરી છે.

'छायाशाकुन्तलम्' ની કથાવસ્તુ अभि. ના ઉત્તરાંગ તરીકે ગણાવી શકાય તેવી આ કૃતિ છે. આ ઉત્તરાંગ તરીકે ગણાવી શકાય તેવી આ કૃતિ છે. આ ઉત્તરાંગ પર उत्तर.નો પ્રભાવ સ્પષ્ટપણે વર્તાય છે. उत्तर. માં જેમ સીતા છાયા સ્વરૂપે રહેલી છે, તેમ અહીં શકુન્તલા છાયા સ્વરૂપે રહેલી છે. એ જ રીતે રામ અને સીતા, દુષ્યન્ત અને શકુન્તલાનાં ત્યાગ, મનઃ સમાધાન અને પુનર્મિલનની ઘટનાઓ પણ સમાન છે. પ્રો.પરીખને उत्तर.માં સીતાને રામના પ્રેમની પ્રત્યક્ષ પ્રતીતિ થાય છે, अभि.માં રાજા દુષ્યંતના પ્રેમની પ્રતીતિ પ્રત્યક્ષ થતી નથી. તેમને લાગ્યું છે કે પ્રેમીઓનાં હૃદય-શલ્યને દૂર કરવા તેમને સ્થિર પ્રેમની પ્રત્યક્ષ પ્રતીતિ થવી જોઈએ. ભવભૂતિની સીતા, રામના પ્રેમને યોગ્ય રીતે જાણે છે. તે કહે છે - 'अहमेतस्य हृदयं जानामि ममाप्येषः।'[2] આવી પ્રતીતિ કાલિદાસની શકુન્તલાને થતી નથી. તેને તો સાનુમતીએ ચિત્ર-દર્શન પ્રસંગે સાક્ષી બની તેણે આપેલી માહિતી ઉપર જ વિશ્વાસ કરવો પડ્યો છે. તેમાં કવિને (પ્રો.પરીખને) ઔચિત્ય જણાયું નથી. તેથી છાયા-સીતાની માફક છાયા-શકુન્તલાનું આયોજન કરી દુષ્યન્તના સ્થિર પ્રણયની અનુભૂતિ આ નાટ્ય કૃતિમાં શકુન્તલાને કરાવી,શકુન્તલાના દિલમાંથી પ્રત્યાખ્યાનનું શલ્ય દૂર કરવામાં આવ્યું છે.

રાજા દુષ્યન્તે રાજ મહેલના ઉદ્યાનમાં માછીમાર-પ્રસંગથી વીંટી પ્રાપ્ત થતાં શકુન્તલાની સ્મૃતિ જાગી ઉઠી અને રાજા અકારણ શકુન્તલાનું પ્રત્યાખ્યાન કરવા બદલ પશ્ચાતાપ અનુભવવા લાગ્યો. તેણે મનોવિનોદ માટે અને શકુન્તલાના મિલન પ્રસંગોની મધુરિમાને વાગોળવા માલિની નદી, કણ્વનો આશ્રમ,લતામંડપ ,ભ્રમરબાધા વગેરે પ્રસંગોનું ચિત્રમાં આલેખન કરાવ્યું પણ તેમાં રાજાને બધું પ્રત્યક્ષવત્ લાગે છે, પ્રત્યક્ષ નહીં.આથી જ 'अहो चित्रमेव'। गृहीतोऽनेन पन्थाः उन्म त्तानाम्'।[3] જેવા સંદર્ભો આ બાબતનું સમર્થન કરે છે.

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com

Volume - 2

'उत्तररामचरितम्' માં છાયારૂપે લાવીને ગોદાવરીના તટે જનસ્થાનના પ્રદેશોને રામ-સીતાના વિશ્રંભ અને સ્થિર પ્રણય પ્રસંગોનાં સાક્ષી હોવાથી શંબૂકવધ પ્રસંગે રામ ત્યાં આવી ચડે ત્યારે જૂનાં સંસ્મરણો તાજાં થતાં રામને સીતાનો ચિર વિરહ મૃત્યુસમ બની પીડા આપે. આથી આ પ્રસંગે ભવભૂતિએ સીતાને તમસાની સાથે અદ્રશ્ય છાયારૂપે ઉપસ્થિત કરી, રામના સ્થિર પ્રેમની પ્રતીતિ સીતાને પ્રત્યક્ષ કરાવી તેનું હૃદય-શલ્ય દૂર કર્યું. આ જ તરકીબ छायाशाकुन्तलम् માં કવિએ અપનાવી શકુન્તલાનાં સ્મરણો જગાડી દુષ્યંતના પ્રેમને પ્રગટ થવા દઈ નાયક-નાયિકા(દુષ્યન્ત-શકુ ન્તલા) ના હૈયાની સંવાદિતા સાધી છે.

'अभि.' માં ચિત્રદર્શન પ્રસંગે વ્યક્ત થતી રાજાની વિરહ વેદનાનો સાક્ષી વિદૂષકને બતાવાયો છે, તે અહીં પ્રો.પરીખને ઉચિત જણાયું નથી. 'उ.रा.'માં રાજાના પૂર્વ-પ્રણયના પ્રાગટ્યની સાક્ષી વાસંતી વન-દેવતા છે. અહીં પ્રો.પરીખને રામના પ્રણયની હૃદયવેધક પીડાની કે રામના ચિત્તના કારુણ્યને અભિવ્યક્ત કરવા વાસંતી શ્રેષ્ઠ આલંબન છે. આથી કવિએ 'छायाशाकुन्त्लम्'માં અનસૂયાને આ માટે ઉપસ્થિત કરી. પરંતુ, દુર્વાસાના શાપથી અજ્ઞાત રાખી છે. અહીં, કેવળ પ્રિયંવદા જ દુર્વાશાએ શકુન્તલાને આપેલા શાપની ક્ષણે ઉપસ્થિત છે. 'उ.रा'માં રામને વાસંતી કઠોર પ્રશ્નો કરે છે. તેમ અહીં, અનસૂયા રાજા દુષ્યંતને કઠોર પ્રશ્નો કરે છે. આ પ્રસંગે સીતા છાયારૂપે ઉપસ્થિત છે, તેમ અહીં, શકુ ન્તલા ઉપસ્થિત છે. આથી સીતાની માફક શકુન્તલા પણ રાજાની મનોવેદના અને પ્રેમની પ્રત્યક્ષ પ્રતીતિ કરી શકે છે. પરિણામે, બંને વચ્ચે ચિત્ત-સંવાદ સધાય છે. જેમ 'उ.रा'માં સીતા સાથે તમતા રહે છે, તેમ શકુન્તલા સાથે સાનુમતી રહે છે. શકુન્તલા તિરસ્કરિણીને કારણે અદ્રશ્ય છે. કવિશ્રી પરીખે કાલિદાસની પ્રાસાદિકતા, લાઘવ અને વ્યંજના 'छायाशाकुन्तलम्' અપનાવી કાલિદાસ અને ભવભૂતિનું પોતાનામાં અવતરણ કરાવ્યું છે.

'छायाशाकुन्तलम्'માં પ્રસંગ યોજના માટે 'उ.रा' ના છાયાઅંકની યોજનાને કવિ અનુસર્યા છે. 'उ.रा' ના છાયા અંકમાં આત્રેયી અને વનદેવતાનો સંવાદ, સીતા-ત્યાગ પછી બનેલી ઘટનાઓના સમાચાર છાયા અંકમાં ભૂમિકારૂપ બની રહે તેમ છે. 'छायाशाकुन्तलम्' માં તાપસી વેષે રહેલી સાનુમતિ અને કણ્વાશ્રમના દેવતાના સંવાદ દ્વારા શકુન્તલાના પ્રત્યાજ્ઞાન પછી બનેલી ઘટનાઓના સમાચાર આ એકાંકી લઘુ-નાટકની ભૂમિકા રચે છે.

'छायाशाकुन्तलम्' માં સાનુમતીનું પાત્ર उ.रा માં સીતાની સામે રહેલી તમસા જેવું જ છે.કવિશ્રી પરીખે કરેલું પરિવર્તન उ.रा.ના બીજા અંકના આત્રેયી-વનદેવતા સંવાદ અને ત્રીજા અંકના તમસા-મુરલાના સંવાદરૂપની બેવડી ભૂમિકા નિભાવે છે.

સંસ્કૃત નાટકના પ્રવેશક જેવા આ સંવાદમાંથી જાણવા મળે છે કે-

- શકુન્તલાના દુઃખે દુઃખી કણ્વ અને ગૌતમ તેમને લાગેલા આઘાતને લીધે આશ્રમ ત્યજી અન્યત્ર ચાલી ગયાં છે. अभि. માં કણ્વ-ગૌતમીને ઘેરો આઘાત લાગ્યાનો કોઈ જ નિર્દેશ નથી.
- શકુંતલાએ મારીચ ઋષિના આશ્રમમાં પુત્રને જન્મ આપ્યો. આ ઘટનાને પાંચ વર્ષનાં વહાણાં વહી ગયાં છે. अभि.માં આવા કોઈ મિલનનું આયોજન નથી. ચોથા અંકમાં તપોવનમાં પાછા ફરવાની વાતનો નિર્દેશ છે, તેનો કવિશ્રી પરીખે અહીં,પ્રેરણા સ્થાન તરીકે ઉપયોગ કર્યો છે. આ માટે દુષ્યન્તને કણ્વના આશ્રમમાં લાવવા વિશેષ આયોજન કર્યું છે.
- 'અત્રિ,તપોવનમાં આવેલો દુષ્યન્ત દાનવોને પરાસ્ત કરી પાછા ફરતા કણ્વને પ્રણામ કરવા ચોક્કસ આવશે ત્યારે કણ્વના આશ્રમમાં ચિર પરિચિત પ્રણય વિહરનાં સ્થાનો નિહાળતાં દુષ્યન્તની સ્થિતિ અસહ્ય બનશે' એ સંભાવના કવિશ્રી પરીખે કલ્પી છે.
- શકુન્તલાને પોતે છાયા રૂપે હોવા છતાં દુષ્યન્તનું દર્શન થઈ શકે તે માટે મારીચે પોતાના પ્રભાવથી તિરસ્કરિણી દ્વારા શકુન્તલાને અદૃશ્ય છાયા રૂપે લાવવામાં આવી છે. અહીં, સાનુમતી તિરસ્કરિણીને સહેજ દૂર કરી માલિનીના કાંઠે જનશૂન્ય લતાકુંજોમાં વિહરતી શકુન્તલાનું દર્શન આશ્રમની વનદેવતાને કરાવે છે. એ જ વખતે દુષ્યન્તનું આગમન તેના સ્નિગ્ધ, ગંભીર સ્વરે બોલાયેલા-'સારથિ અહીં જ રથને રોક' ના શ્રવણ સાથે થાય છે. આ માટે કવિશ્રી પરીખે अभि. ના માતલિ સાથે દુષ્યન્તના હેમકૂટ પર્વત ઉપર આવેલા મારીચ ઋષિના આશ્રમમાં અવતરણમાંથી પ્રેરણા લીધી છે.
- 'પૂર્વ પ્રણયનું સ્મરણ હવે આજે' ?ના ઉદ્ગાર સાથે મૂર્છા થતાં સાનુમતીના આશ્વાસનથી ભાનમાં આવેલી શકુન્તલાને પ્રશ્ન થાય છે કે આ સ્વપ્ન છે કે મતિવિભ્રમ છે ? (स्वप्न: किंमेष:? मतिविभ्रम एव किं क: ?) ભવભૂતિએ 'स्वप्नो नु माया नु मति विभ्रमो' ની પ્રેરણા પ્રેરણા 'स्वप्नवासवदत्तम्' ના સ્વપ્ન દ્રશ્યના અંતે ઉદયનના ઉદ્ગારોમાંથી લીધી. રામના

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com

Volume - 2

મૂર્છાના પ્રસંગે વણી લીધું. તેને જ કવિશ્રી પરીખે શકુન્તલાના મુખમાં મૂકી તેને આશ્ચર્યમાં મૂકી દીધી છે.

દુષ્યન્તને પૂર્વ પ્રણયનાં સ્મરણો પશ્ચાતાપના ગર્તમાં ધકેલી દે છે. 'हा प्रिये शकुन्तले' કહી તે મૂર્છા પામે છે, ત્યારે છાયાશકુન્તલા ઉ.રા માં સીતા, રામને ભાનમાં આણે છે, તેમ રાજા દુષ્યન્તને હાથના સ્પર્શથી ભાનમાં લાવે છે.બંનેમાં પ્રિયનો સ્પર્શ જ કામયાબ બને છે.રામની માફક પાંચ વર્ષ પછી પણ પ્રિય સ્પર્શને ઓળખી કાઢે છે. સીતાની માફક શકુન્તલા પોતાનો હાથ ખેંચી લેતાં રામની માફક રાજા દુષ્યન્તને પણ स्वप्नः किमेष मतिविभ्रम एव किं वा ? माया नु वा किमुत स्वप्नमिद म जाने '[૪] પ્રશ્ન થાય છે રામની માફક. રાજા દુષ્યન્તને પણ પ્રશ્ન થાય છે કે' હવે શકુન્તલા ક્યાંથી હોય ? અહીં, છાયા શકુન્તલાની યોજના સમગ્રતયા પ્રેક્ષકોના દિલમાં વસી જાય છે.

અનસૂયા રાજા દુષ્યન્તને ઓળખી જાય છે. ઉ.રા ની વાસંતીની માફક અનસૂયા દુષ્યન્તને વિશ્રંભ સ્થાનો બતાવી રાજાનાં શકુન્તલા સાથેનાં પ્રણય સ્મરણો જગાડે છે. રામની માફક રાજા દુષ્યન્ત પણ હૈયાના વલોપાતને રૂદન રૂપે અવતરતું અટકાવવા અસમર્થ બને છે. અનસૂયા પણ ઉ.રાની વાસંતીની માફક અનસૂયા રાજા દુષ્યન્તનો જવાબ માગે છે. 'મહારાજ ! હું તમને પૂછું છું કે આ શું ?[૫] રામની માફક રાજા પણ ઉત્તર આપી શકતો નથી ત્યારે વાસંતીની માફક અનસૂયા કહે છે કે-'મહારાજ ! બીજું શું ? તમે નિર્દય છો.[૬] રામની માફક રાજા પણ 'हा सखि ! अनसूये !'કહી રડી. ' तत्कथमिदम् अनार्य भाचरितं देवेन' ।[૭] દુષ્યન્ત કે અનસૂયાને દુર્વાસાના શાપની ખબર નથી. તો દુષ્યન્ત પણ શું કહે ? રાજા અનસૂયાને કહે છે કે-' શકુન્તલાના પ્રત્યાજ્ઞાન પછી કોઈ સ્ત્રી જ્યોતિ ઉપાડી ગઈ હતી.' આ પછી મને કંઈ જ ખબર નથી.'[૮]

કવિશ્રી પરીખે અહીંથી કથાતંતુ ત્યાં આવી ચડેલી પ્રિયંવદાના હાથમાં સોંપ્યો છે. રાજા પ્રિયંવદાને ઓળખી કાઢે છે. પ્રિયંવદા ધીરે ધીરે પૂછપરછ કરી વીંટીની પ્રાપ્તિની વાત જાણી લે છે. તે પછી પ્રિયંવદા દુર્વાશાના સાપની વાત કરે છે. કાલિદાસની અનસુયાને દુર્વાશાના શાપની ખબર છે. અહીં,તો અનસૂયા દુર્વાશાના શાપથી અજ્ઞાત છે. પ્રિયંવદા અનસુયાના દિલને આઘાત ન લાગે માટે જ દુર્વાશાના શાપની વાત કરી નથી. પ્રિયંવદાએ આ બાબત ઉપરથી પડદો ઉઠાવતાં રાજાના દિલમાંથી શકુન્તલાના પ્રત્યાખ્યાનના અપરાધનો ભાવ દૂર થયો અને શકુન્તલાને પણ રાજાના યથાવત્ પ્રણયની ખાત્રી થઈ ગઈ.

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com

Volume - 2

રાજાને શકુન્તલાનું સ્મરણ મુદ્રિકા (વીંટીના) દર્શનથી થયું કારણ કે શાપની અવધી મુદ્રિકા દર્શન પર્યન્ત હતી.[૯] 'પણ વિયોગની અવધિ કેટલી '?'[૧૦]આથી રાજાની વિહ્વેદના અતિ તીવ્ર થતાં રાજા મૂર્છા પામ્યો. પુનઃ શકુન્તલાએ તેને પ્રિય સ્પર્શથી ભાનમાં આણી પોતાનો હાથ ખેંચી લેતાં રાજા પણ રામની માફક જ બોલી ઉઠ્યો 'हा धिक् अपगता प्रिया ।'રાજાના ઉદ્ગારો 'गृहीतोऽनेन उन्मतानां पन्थाः।'[૧૧] લાગે છે. રાજાએ પણ' दौर्भाग्ये मम तत्र हा प्रियतमे शिष्टं चिरं रोदनम्'।'[૧૨] કહી વિદાય લીધી ત્યારે સાનુમતી અને અનસૂયા પરસ્પર અજ્ઞાત હોવા છતાં प्रियतम जनसङ्गं सत्वरं काश्य पोऽसौ नयतु कुलपतिस्त्वामाशिषं संवितीर्य' કહી, શુભેચ્છા પાઠવી છે.અહીં, સીતાની માફક શકુન્તલા પણ દુષ્યન્તના દર્શનની છેલ્લી ઝાંખી કરી લેવાની તક ઝડપી લે છે.

આમ, કવિશ્રી પરીખે કાલિદાસે સાનુમતીએ ચિત્ર-દર્શન દ્વારા રાજાના પશ્ચાતાપની શકુ ન્તલાને આપેલી ખાતે પરોક્ષ લાગી નું પ્રેમની પ્રતીતિનું આયોજન તેમને ઉચિત લાગ્યું જ નથી શકુંતલા ને છાયારૂપે ઉપસ્થિત કરાવી રાજા દુષ્યન્તના પ્રેમની ખાતરી કરાવી છે.

'छायाशाकुन्तलम्' એ 'उत्तररामचरितम्' નું પ્રતિબિંબ સમું છે. બંનેમાં પ્રત્યાખ્યાનનું શલ્ય દૂર કરવા સીતાનું છાયા-સ્વરૂપમાં હોવું, પ્રથમ મિલન વખતેના સ્થળે પુનઃમિલન થવું, રાજાઓનું મૂર્છિત થવું, પ્રિયાનો સ્પર્શ, સખીઓનાં કટાક્ષપૂર્ણ વચનો અને અંતે બંને નાયિકાઓનાં મનનાં સમાધાન સાધવાની તમામ ઘટના સંપૂર્ણપણે સમાન છે.

अभि. ઉપર આધારિત 'छायाशाकुन्तलम्' કૃતિની ભાષા વધુ સ્વાભાવિક છે. સંવાદોની છાયા આ કૃતિમાં વર્તાય છે. પાત્રોમાં માત્ર આશ્રમ-દેવતાનું પાત્ર જ નવું છે. દુષ્યન્ત,શકુન્તલા, સાનુમતી, અનસૂયા અને પ્રિયંવદા આ બધાં પાત્રો એ જ છે. માત્ર દુષ્યન્ત-શકુંતલાના મિલન વખતે વિદૂષક હાજર નથી. કવિશ્રી પરીખને અહીં વિદૂષકની હાજરી બિનજરૂરી લાગી છે, જે કથા-ઉદ્દેશ અને વસ્તુ-સંકલનની રીતે યોગ્ય જ છે.

..............................................................................................................

**<u>पादटीप :-</u>**

१. संस्कृतमें एकांकी रूपक – डॉ.वीरबाला, (प्रथम आवृत्ति,१९७२) अ-१ पृ-६
२. उत्तररामचरितम् : अंक- ३
३. छायाशाकुन्तलम् : पृ – १५

Shodh Sanchay ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com



४. छायाशाकुन्तलम् : पृ- १६
५. महाराज ! ननु पृच्छामि किमेतदिति ? छा. शा. : पृ.२८
६. छा.शा. पृ.२८
७. छा.शा. पृ.२८
८. छा.शा. पृ.३०
९. छा.शा. पृ. ४०
१०. छा.शा. पृ. ४१
११. छा.शा. पृ. ४४
१२. छा.शा. : पद्य - ५०, पृ.४६
१३. छा.शा. : पद्य - ५१, पृ.४६

▪ **सन्दर्भग्रन्थाः**

१. छायाशाकुन्तलम् : जे. टी. परीख, सम्पादकः डॉ. राजेन्द्र नाणावटी, संस्कृत सेवासमिति,अमदाबाद, १९८६
२. कलिदास ग्रन्थावली (अभिज्ञानशाकुन्तलम्) – डॉ रेवाप्रसाद द्विवेदी, बनारस हिन्दू युनि. बनारस, आवृत्ति–प्रथम
३. उत्तररामचरितम् : श्रीभवभूति, सम्पादक : श्री शेषराजशर्मा, प्रकाशक : चौखम्बा संस्कृत सीरिज, वाराणसी
४. संस्कृतमें एकांकी रूपक : डॉ.वीरबाला, आवृत्ति : प्रथम, १९७२

……………………………………………………………………………………………………